MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# સમાજના નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અને જવાબદારી

**Dr. Hemalbhai U. pandya,** Assistant Pro., Shardagram B.ed.college-Mangrol


❖ **સારાંશ :-**

શિક્ષણ એ એક એવી પરિસ્થિતિનુ નિર્માણ કરે છે જે નવી પેઢીનુ માનસિક, રાજકિય,સમજીકિકરણ કરીને જીવન પાથેય ને સરળ અને અવિરત બનાવે છે. શિક્ષણ એ સમાજ માં નાગરિકોનું ઘડતર કરવાનું કામ કરે છે. શિક્ષણ નુ સ્વરૂપ જ કાર્ય ની દૃષ્ટિએ સામાજિક છે અને તે સમાજની આવશ્યકતા માંથીજ નિર્માણ પામે છે. શિક્ષણશાસ્ત્ર માં વ્યક્તિત્વના સંતુલિત મૂલ્યો અને સર્વાંગી વિકાસ ને લક્ષ્યમાં માનવામાં આવ્યું છે. વ્યક્તિની નાની નાની બાબતોને જેવીકે વ્યક્તિત્વ,સૂઝ - સમાજ, સંસ્કૃતિ, ટેવ, આદતો, શોખ, કુશળતાઓ, નૈતિક, આધ્યાત્મિક વિકાસ વગેરે દરેક બાબતો પર શિક્ષણનો સંપૂર્ણ પ્રભાવ જોવા મળે છે. તેના દ્વારાજ ચારિત્ર નિર્માણ અને સામાજિકરણ થાય છે. સમાજશાસ્ત્રીઓ પણ શિક્ષણના સામાજિક સ્વરૂપ પર ભાર મૂકે છે. શિક્ષણ વ્યવસ્થાએ સમાજની પેટા વ્યવસ્થા હોય છે અને તે જ સંપૂર્ણ સમાજનું દર્પણ છે

આજના પ્રવર્તમાન ઝડપી યુગમાં સમાજની રચનામાં શિક્ષણની ભૂમિકા અને જવાબદારી ખુબજ મહત્વ નું સ્થાન ધરાવે છે.શિક્ષણની વ્યવસ્થા શિક્ષણનું સંક્રમણ કરી સમજિકિકરણ દ્વારા વર્તન તથા વ્યક્તમતાનું ઘડતર અને નિયંત્રણ કરી અને જવાબદારી ઉપાડે છે. સમાજની રચનામાં શિક્ષણની ભૂમિકા અને જવાબદારી નીચેના મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ થય શકે.

- સર્જનાત્મક અને સુધારાત્મક સર્જન નું કાર્ય .
- બુદ્ધિ તથા જ્ઞાન પ્રેરક
- યોગ્ય કાર્ય પસંદગી
- વ્યક્તિત્વ ઘડતર માટેનું સોપાન પૂરું પડવું.
- સામાજિક પરિવર્તન અને અનુકૂલન સુધારવાનું કાર્ય.
- પરિસ્થિતિ મુજબ ' સ્વ ' ની ગોઠવણી.
- ' સ્વ ' તથા સમાજને ઉપયોગી કાર્ય.

આમ સમાજની રચનામાં શિક્ષણની ભૂમિકા અને જવાબદારીઓ અનંત ગણી વધી જાય છે.


❖ **ચાવી રૂપ શબ્દો :-** શિક્ષણ, સમાજ, સામજીકિકરણ,ભૂમિકા,જવાબદારી.

❖ **પ્રસ્તાવના :-**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે તે સમાજથી અલગ રહી શકતો નથી. પરંતુ તેને બીજા લોકો સાથે સમાજમાં રહેવા માટે અને તેને પોતાના કર્તવ્યના નિર્વાહ માટે આત્મસંયમની મહતાનો સ્વીકાર કરવો પડે છે. જે ડ્યુતિ સાથે તે જન્મ લે છે, માત્ર તેના માધ્યમથી જ તે પોતાના કર્તવ્યનું નિર્વહન કરી શકતો નથી. તે પોતાની નિમ્નકોટિની ઇચ્છા પર સંયમ રાખી ઉચ્ચ આદર્શોનું પાલન કરવાથી જ વ્યકિત તથા સમાજની પ્રગિત એક કરવાથી જ વ્યકિત તથા સમાજની પ્રગતિ એક સાથે થઇ શકે છે. પૂર્ણતાની પ્રાપ્તિ વ્યકિતગત જીવનનું લક્ષ્ય છે અને શિક્ષણનો ઉદ્દેશ પણ નિમાર્ણ જ કરવાનું છે. કારણ કે સારા સમાજનું નિર્માણ સારા વ્યકિતઓ દ્વારા જ થતુ હોય છે. શિક્ષણથી શરીર અને મન બનેનો વિકાસ થવો જોઇએ.

❖ **સમાજ અને શિક્ષક :-**

શિક્ષક સમાજ માટે એક આદર્શ નાગિરક છે. સમાજના દરેક લોકો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યમાં પણ આદર્શ ગણાતા ગણે છે અને ગણવાના છે તો શિક્ષકે પણ પોતાનું આદર્શ સાતત્ય ટકાવી રાખવું જોઇએ.

ગાંધીજી કહે છે કે શિક્ષકનું બાહય અને આંતરિક ચરિત્ર એક સમાજ હોવું  જોઇએ.

રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે, અમે જોયુ છે કે મનુષ્ય પાસે થી જ મનુષ્ય

શીખી શકે છે. જેમ જળથી જળાશય ભરાય, દિપક થી દીપક જળે પ્રાણથી પ્રાણ સચેત થાય. તેમ ચરિત્રને જોઇને ચરિત્રવાન બનાય છે.

ગુરૂ ની પ્રેરણાથી મનુષ્યએ મનુષ્ય બને છે. શિક્ષકમાં ચારિત્ર, આચરણ, વ્યવહારના ગુણો હોવા જોઇએ.

સ્વામી વિવેકાનંદ કહે છે કે : શિક્ષણનો અથર્ છે તે પૂર્ણતાને વ્યકત કરવાનો જે બધા મનુષ્યમાં પહેલેથી જ વિદ્યમાન છે શિક્ષણએ માત્ર રોજગારીથી જ મેળવવાનું સાધન નથી પણ વ્યકિતના સંપૂર્ણ વિકાસ માટે છે તે મનુષ્યના સંપૂર્ણ વ્યકિતત્વનો વિકાસ કરે છે. જે શિક્ષણ માત્ર રોજીરોટી પૂરતુ પ્રયોજન જ પૂરૂ પાડે છે અને જીવનના અન્ય અંગોને સ્પર્શ કરતુ નથી તે શિક્ષણ નથી. જે શિક્ષણ સાધારણ વ્યકિતને જીવન સંગ્રામમાં સમર્થ બનાવી શકતુ નથી જે શિક્ષણમાં ચિરત્ર બળ, પરહિત ભાવના તથા સિંહની સમાજ સાહસ નથી તે શિક્ષણ છે જ નહીં.

શિક્ષકની પણ જવાબદારી એ જ છે કે પોતે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તો તે જીવનની કોઇ પણ પરિસ્થિત કે સમસ્યાથી નિરાશ થવો જોઇએ નહી. શિક્ષકને સમાજના રાહબર માનવામાં આવે છે. શિક્ષક દ્વારા

વિદ્યાર્થીઓમાં ચારિત્ર, બૌધ્ધિક શકિત, સારુ વ્યકિતત્વ, રાષ્ટ્રભાવના, પરોપકારી પ્રેમ, વસુધૈવ કુટુમ્બકમની ભાવના, જૈતિકતા, સુસભ્ય નાગરિક, સદગુણ અને સુસંસ્કારી મનુષ્યના ગુણો સંભૂર્ણપણે દ્રશ્યમાન થાય તેવા અથાગ પ્રયાસ શિક્ષકે કરવાના રહેશે. કારણ કે આવા ગુણોગી ભરપ્રર્ણ વિદ્યાર્થી સમાજમાં જશે એટલે સમાજની અપેક્ષા થોડા ઘણા અંશે પૂર્ણતા તરફ જશે.

- **સમાજ માટે શિક્ષક કેવો હોવો જોઇએ :-**

વિનોબા ભાવે પોતાના પુસ્તકમાં કહે છે કે શિક્ષકમાં (3) ત્રણ લક્ષણો હોવા (૧) શીલવાન - શીલવાન એટલે સાધુ

(૨) પ્રજ્ઞાવાન - પ્રજ્ઞાવાન એટલે જ્ઞાની

(૩) કરૂણાવાન-કરૂણાવાન એટલે માં (વાત્સલ્ય) એક શિક્ષક સાધુ જ્ઞાની અને માં ત્રણેય હોય છે. શિક્ષકમાં વિદ્યાર્થી માટે પ્રેમ, વાત્સલ્ય અને અનુરાગ હોવા જોઇએ. શિક્ષક માટે શિષ્ય એ "શિષ્ય દેવો ભવ" ની માનસિકતા હોવી જોઇએ. શિક્ષકે નિત્ય અધ્યયનશીલ હોવો જોઇએ. રોજ તે પોતાનું નવું નવું અધ્યયન કરતા રહે અને જ્ઞાનમાં દિનપ્રતિદિન વધારો થતો રહે તે કાયમ વિદ્યાર્થીને શિખવતો રહે અને પોતે પણ શીખતો રહે જીખતો હોય તે સારી રીતે શીખવી શકે છે.

શિક્ષક વિદ્યાર્થી પ્રસચણ, વિદ્યાર્થી શિક્ષક પરાયણ બને, જ્ઞાન પરાયણ હોય.

બનેનું જ્ઞાન સેવા પરાયણ હોય તેવું થવું જોઇએ. જો શિક્ષકમાં પ્રેમ વાત્સલ્ય ન હોય અને જ્ઞાન હશે તો તે વિચારક તત્વજ્ઞાની બની શકશે, પણ સારો શિક્ષક નહી બની શકે એટલે શિક્ષક મા બંને ગુણો સમાયેલા હોવા જોઇએ.

કવિ કાલીદારસ "માલીવિકાગ્નિમિત્રમ" માં ત્રણ પ્રકારના શિક્ષકો કે જે પોતે જ્ઞાની હોય છે પણ બીજામાં તે જ્ઞાન સારી રીતે સંક્રોન્ત કરી શકતા નથી, બીજા એવા શિક્ષકો કે જે જ્ઞાની નથી. પરંતુ વાચેલી માહિતી હું અન્ય બાબતો તે વિદ્યાર્થીઓને પોતાની વાકછટાથી સારી રીતે સમજાવી શકે છે. ત્રીજા એવા પ્રકારના શિક્ષકો હોય છે કે પોતે નાની છે અને પોતાના જ્ઞાનને વિદ્યાર્થી સમક્ષ સરળતાથી પીરસી શકે છે, કાલીદાસના મતે ત્રીજા પ્રકારના ગુણ ધરાવતા શિક્ષકોએ શ્રેષ્ઠ શિક્ષકો છે.

ગુજરાતી કવિશ્રી પ્રવિણભાઇ દરજીએ ત્રિસ્તરીય શિક્ષક વર્ગની વાત કરી છે. શિક્ષકના ગુણવતાના આધારે ત્રણ વર્ગ બતાવ્યા છે. શિક્ષકોને એક વર્ગ એવો છે કે જે સજ્જ છે તે પોતાના વિષયમાં નિપુણ છે. માત્ર શિક્ષક કે આધ્યાપક જ થવું છે એવો માત્ર ધ્યેય તેણે સ્વીકાર્યો છે. આવા કર્મનિષ્ઠ અને ગૌરવવંતા

શિક્ષકોની સંખ્યા જૂજ હોય છે." બીજો શિક્ષક વર્ગ એવો વર્ગ છે કે જે વિષયનું થોડું ઘણું જ્ઞાન ધરાવે છે. જયાં

કોઇ પણ વાંચવા તૈયાર નથી તે આવા શિક્ષકો થોડુંઘણું વાચીને શિક્ષક કે અધ્યાપક તરીકે ટકી રહેવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આને માટે કહી શકાય કે "ગામમાં એરડો પ્રધાન" ત્રીજા શિક્ષક વર્ગની વાત કરીએ તો આ વર્ગનો શિક્ષક બીજે કર્યાય નોકરીનો મેળ ન પડતા કે ન ગોઠવાતા તે શિક્ષક- કે અધ્યાપક બની બેઠો છે. તેની પાસે ઝાઝી આવડત નથી. માર્ગદર્શિકા, પુસ્તકો કે જુની નોટસ તેના ઉપર છેલ્લાં લખાણો પરિક્ષાને ધ્યાનમાં રાખીને લખાવી મારે છે. પછી તે વિષયવસ્તુ વિદ્યાર્થી સમજયા કે સમજયા વગર જ ગોખાવી અને લખાવી મારે છે. વિદ્યાર્થી કે કોઈ પ્રશ્ન કરે તો તે તાત્કાલીક જવાબ પણ આપી શકતા નથી. તેઓ શિક્ષણને જ ધંધો માને છે.

વર્તમાન સમય જયારે સમગ્ર વિશ્વ આધુનિકતા તરફ જઇ રહ્યું છે ત્યારે આ આંધળી દોટમાં શિક્ષક શા માટે પાછળ રહે ? આજે સરસ્વતીના ઉપાસક અધ્યાપકો પણ પહેલા લક્ષ્મીના ઉપાસના કરી રહયા છે. જેના કારણે તેમનામાં પણ કર્તવ્યવિમુખતા, કાવાદાવા, પ્રપંચ, છળવૃતિઓ આવી ગયા છે. શિક્ષકોનો મૂળ ધર્મ અને મુખ્ય કાર્ય ભૂલાતુ દેખાય છે. આમ છતાં આજે પણ સમાજમાં શિક્ષકનું આગવું સ્થાન છે. જેની પાસે સમાજ કેટલીક અપેક્ષાઓ રાખે છે તે શિક્ષક પર પૂર્ણ શ્રધ્ધા રાખી પોતાના કુમળા બાળકને શિક્ષકને સોંપે છે. આજે સમાજ પોતાના બાળકના સંપૂર્ણ સર્વાંગી વિકાસ માટે આદર્શ શિક્ષકની શોધમાં છે. તો ઘણા શિક્ષકો પણ એવા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઝંખના રાખે છે કે જે શિક્ષકને તેને પોતાની રીતે કાર્ય કરવામાં મદદરૂપ થાય.

જો આવા વિદ્યાર્થી-શિક્ષક અને સિસ્ટમ બધા એક બીજાના પૂરક બને સમજે. વિચારણામાં ભાગ લે તો સફળ શિક્ષક બની શકે. આટલા માટે સમાજની અપેક્ષાએ શિક્ષકમાં કેવા ગુણો લેવા જોઇએ.

**1) બાળ માનસની જાણકાર :-**

શિક્ષકે આખો દિવસ બાળકો સાથે ગાળવાનો હોય છે. માટે તે કુદરતી રીતે જ બાળમાનસનો જાણકાર હોવો જોઇએ. આ કાબેલિયત કોઇ કોર્સ કરાવવાથી કે ડિગ્રી હાંસલ કરવાથી નથી આવતી પણ કોટાસુઝથી જ આવે છે. આજે સુચન કે પ્રત્યેક શિક્ષકને ચાઇલ્ડ કાઉન્સેલીંગનો કોર્સ કરાવી લેવો જોઇએ આનો ઘણો વખત કોઇ અર્થ સરતો નથી. કારણ કે જયાં ચાઇલ્ડ કાઉન્સેલિંગનો કોર્સ કરવામાં આવે છે તે એસ.એન.ડિ.ટી. માં અને ટાટા ઇન્સસ્ટિટયુટ ઓફ સોશિયલ સાયન્સીઝ માં પણ વિદ્યાર્થીઓ આપઘાત

કરે છે. તેમનું પણ કોઈ કાઉન્સેલિંગ કરતુ નથી. આ આવડત કુદરતી રીતે હોય છે. કૃત્રિમ રીતે આવતી નથી. જેને પોતાનામાં આ આવડત દેખાય તેને શિક્ષક બનવામાં રસ લેવો જોઇએ.

**2) ચારિત્રવાન :-**

આજે સ્કૂલો-કોલેજોમાં નૈતિક કેળવણીની બૂમો ખૂબ સંભળાય છે પણ આ નૈતિક કેળવણી કોઇ પુસ્તક દ્વારા નથી અપાતી. શિક્ષક પોતે જો ચારિત્રવાન હશે તો બાળકો પર પ્રભાવ પડશે જ જોઇને પણ પ્રેરણા પ્રાપ્ત કરશે. ચારિત્ર્યનો અર્થ સત્ય વચની, ઇમાનદાર, શુધ્ધ દ્રષ્ટિ, શુધ્ધ માનસ વગેરે કરી શકાય છે. શિક્ષકની આંખોમાં જો કામવાસના છલકાતી હોય તો વિદ્યાર્થીઓ પણ તેનો શિકાર બને છે. શિક્ષક જો ક્રુર હોય તો તેની પાસે વિદ્યાર્થીઓની સલામતી નથી.

**3) નિષ્ઠાવાન :-**

શિક્ષક બાળમાનમનો જાણકાર, પારિત્ર્યવાન હોય એ પૂરંતુ નથી પણ તેને સૌપેલા કામ પણ પૂર્ણ નિષ્ઠાથી રમપૂર્વક કરતી હોવો જોઇએ. શિક્ષકની ફરજ

વિદ્યાર્થીઓનું ભણતર, ઘડતર અને સંસ્કરણ કરવાની છે. આ માટે તેણે જરાપણ આળસ કે બેદરકારી રાખ્યા વિના કાર્ય કરવું જોઇએ.

**4) સંવેદનશીલ :-**

સંવેદનશીલ સારો શિક્ષક બાળકની મૂશ્કેલી, લાગણી સમજતો હોવો જોઇએ. શિક્ષકનું વર્તન બાળક સાથે હંમેશા આત્મીયતાપૂર્ણનું અને માયાળું હોવું જોઇએ. શિક્ષકનું વાત્સલ્ય જ વિદ્યાર્થીનું પ્રેરક તત્વ તે છે. શિક્ષક જો જડ, તુમાખીખોર અને મૂઢ હોય તો વિદ્યાર્થી અને વાલીઓ પરેશાન જ થઇ જાય છે. શિક્ષક જો સંવેદનશીલ હોય તો કોઇ પણ બાળક કોઇ બાબતમાં મૂંઝવણ અનુવતું હોય તેનો શિક્ષકે તરત જ ખ્યાલ આવી જાય છે.

**5) વિષયમાં સાક્ષર :-**

શિક્ષકે પોતાના વિષયમાં સાક્ષર હોવો જોઇએ. તેને પોતાના વિષયનું પૂરતું જ્ઞાન હોવું જોઇએ. ગુજરાતીમાં કહેવત છે કે "કુવામાં હશે તો અવેડા(હવાડા) માં આવશે" જો શિક્ષક પાસે જ્ઞાન હશે તો તે વિદ્યાર્થીને આપી શકશે. જો એક અભણ ખેડત પણ પોતાની ખેતિ સંબંધી નવી શોધોથી સતત માહિતગાર રહેતો હોય છે. તો શિક્ષકે પણ પોતાના ક્ષેત્ર માટે સતત જાગૃત રહી વિષયમાં નિપુણતા પ્રાપ્ત કરવી જોઇએ.

**6) સંશોધક :-**

સારો શિક્ષક તેને જ કહેવાય જે આ જીવન વિદ્યાર્થી બની રહેવા તૈયાર હોય જે વ્યકિત એવું માની લે છે કે મારી પાસે બધુ જ્ઞાન આવ ગયું છે તે મારો શિક્ષક કદી ન બની શકે, જે શીખે છે તે શીખવી શકે છે. આજે દુનિયામાં દરરોજ પરિર્વતન થાય છે. નવી શોધો થાય છે અને જુની શોધો ખોટી પડે છે.

**7) નિસ્પૃહી (લાલચ વગરના) :-**

જે વ્યકિત પૈસાને પરમેશ્વર માનતી હોય તેણે કયારેય શિક્ષક-અધ્યાપક ન બનવું જોઈએ. તેણે વેપારી કે ઉદ્યોગપતિ બની જવું જોઇએ. શિક્ષક પૈસાનો લોભી ન હોવો જોઇએ. શિક્ષકે પોતાની પાયાની જરૂરિયાત સંતોષાય જાય એટલી જ અપેક્ષા સમાજ પાસે રાખવી જોઇએ. શિક્ષકણ કાર્યએ તેના માટે નિશાન હોવું જોઇએ દુકાન નહી જેને સંતોષ અને સાદગીપૂવક જીવન જીવવું હોય તેણે જ શિક્ષક બનવું જોઇએ. વૈભવ અને વિલાસમુકત જીવન જીવવા માંગતા હોવ તેણે

શિક્ષકના વ્યવસાયમાં આવવવું ન જોઇએ શિક્ષકના ક્ષેત્રમાં અર્થની બોલબાલા અનેક અર્થ પેદા કરે છે. સારો શિક્ષક કદી પૈસા પાછળ પાગલ ન હોય તે પૈસાનો દાસ કદી ના બની શકે.

**8) નિર્વ્યસની :-**

શિક્ષકે હંમેશા વ્યસનોથી દૂર રહેવું જોઇએ. શિક્ષક માટે નાનામાં નાનું વ્યસન પણ યોગ્ય નથી તે બીડી, તમાકુ, સિગારેટ, ગુટકા, દારુ, ડ્રગ્સ આદિ હાનીકારક વ્યસનોથી મૂકત હોવો જોઇએ. શિક્ષક વર્ગાનિડેમાં કે સ્ટાફરૂમમાં પણ સિગારેટ પીતા હોય અથવા શરાબનું સેવન કરતા હોય તો તેવા શિક્ષકનો વિદ્યાર્થીઓ ઉપર કોઇ સારો પ્રભાવ પડતો નથી. શિક્ષકના ઉપદેશની વિદ્યાર્થીઓ ઉપર ત્યારે જ અસર થાય છે કે જયારે તેનું વર્તન પણ ઉપદેશને અનુરૂપ હોય.

**9) પ્રભાવશાળી :-**

શિક્ષકનું બાહય વ્યકિતત્વ પણ પ્રભાવશાળી અને ઠસ્સાદાર હોવું જોઇએ. જેને જોઇને જ ખબર પડી જાય કે આ શિક્ષક છે. શિક્ષકના વ્યકિતત્વમાં શાલીનતા, હોવી જોઇએ. તેનો પહેરવેશ,તેની રહેણી કરણી શિક્ષકની ગરીમાને જાળવે તેવી હોવી જોઇએ.

**10)આસ્થાવન :-**

જે શિક્ષક ઇશ્વરમાં અને અધ્યાત્મમાં શ્રધ્ધા ધરાવતો હોય, સંતો પ્રત્યે બહુમાન ધરાવતો હોય તે સારો શિક્ષક બની શકે છે. શિક્ષક કોઇપણ ધર્મ પાળતા હોય પણ તેને આત્મા-પરમાત્મા, પરલોક, કર્મ વગેરે તત્વોમાં તો શ્રધ્ધા હોવી જોઇએ. પરંતું આ બધામાં આત્મવિશ્વાસ ન હોય તો તે શિક્ષકના કાર્યમાં કાંક કચાશ રહી જાય એવુ બને છે.

**11)સત્યાગહી :-**

પોતાની શાળા કોલેજમાં કોઇપણ બનાવ ઘટના બને તો શિક્ષક હંમેશા સત્યની તરફી રહેવો જોઇએ. તે પક્ષાપક્ષીથી દુર રહી હંમેશા સત્યનો આગ્રહ રાખતો હોવો જોઇએ. તેના આ પ્રકારના વર્તનની સારી છાપ વિદ્યાર્થીઓ ઉપર પડતી હોય છે.

મૃદુભાષી અને સ્પષ્ટ વકતા શિક્ષકની ભાષા પણ મૃદ અને સંસ્કારી હોવી જોઇએ. જેની બોડી લેંગ્વેજમાં ગરીમાં અને વ્યકિતત્વમાં ગંભીરતા હોવી જોઇએ. તે સ્પષ્ટ વકતા હોવો જોઇએ.

તેના કેન્દ્રમાં હંમેશા વિદ્યાર્થી અને શિક્ષણ હોવું જોઇએ. કયારેય કડવું સત્ય બોલવાની જરૂરિયાત ઉભી થાય તો સ્પષ્ટ વકતાની ભૂમિકા ભજવતાં તેને આવડતવી જોઇએ.

❖ **શિક્ષકની ભૂમિકા અને જવાબદારી** :-

શિક્ષણનો મુખ્ય અધાર શિક્ષક જ હોય છે. શિક્ષક કેવળ વિદ્યાર્થીના વ્યકિતત્વનું જ નિર્માણ નથી કરતો પરંતુ રાષ્ટ્રનું નિર્માણ પણ કરે છે. કોઇપણ રાષ્ટ્રના ભાવી નાગરીકના ઘડતરમાં શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. અનાદીકાળથી શિક્ષકનું મહત્વ અને ગુરુનું સ્થાન તેને આપવામાં આવેલા જ્ઞાનના કારણે જ અપાય છે. આવા જ્ઞાની ગુરૂના ગુણથી જ આપણા રાષ્ટ્રને જગતગુરૂ બનવાનું સૌભાગ્ય મળ્યું છે. આજ પણ શિક્ષક એવી જ નિષ્ઠાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય નિર્માણ કરીને દેશના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે. શિક્ષકની ભૂમિકા માત્ર વિદ્યાર્થીને ભણાવવા સિવાય તેમજે સામાજિક જીવનના સંબંધિત જવાબદારીનું જ્ઞાન આપવું અને તેમને સમાજના નિર્માણને યોગ્ય બને તે પણ શિક્ષકની જવાબદારી છે. ભવિષ્યમાં આવા જ વિદ્યાર્થી સમાજનો આધાર બને છે. શિક્ષકની ભૂમિકાના વિષયમાં વિચારકોનું કથન છે કે "શિક્ષકણ વ્યવસ્થામાં બધાથી મહત્વપૂર્ણ ઘટક એ 'શિક્ષક' છે. શિક્ષણથી સમાજની અપેક્ષા, ઇચ્છા, ઉદેશ્યોની પૂર્તિની ઇચ્છા કરી છે તે શિક્ષક પર નિર્ભર કરે છે." શિક્ષકની જવાબદારી એ છે કે તે સમાજ અને રાષ્ટ્રની ઇચ્છાઓ અપેક્ષાઓની પૂર્તિ કરે.

ડો. ઇશ્વરદયાળ ગુપ્ત ને અનુસાર : "શિક્ષણ પ્રણાલી જેવી પણ હોય તેની પ્રભાવશીલતા અને સફળતા તે પ્રણાલીના શિક્ષકના કાર્ય ઉપર નિર્ભર કરે છે કેમ કે ભાવી પેઢીને શિક્ષિત કરવા એ સમાજની અપેક્ષાઓની પૂર્તિ કરવાનું છે.

રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકની ભૂમિકા વિદ્યાર્થીઓના વ્યકિતત્વ અને માનસિક વિકાસમાં શિક્ષકનો ફાળો અનિવાર્ય છે. એક નિપૂણ શિક્ષક પોતાની શિક્ષણ શૈલીથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતા ભાવનાનો વિકાસ કરી

શકે છે. રાષ્ટ્રીયતાનો ભાવ જયાં એક બાજુ વિદ્યાર્થી રાષ્ટ્રભાગ અને આદર્શ નાગરિક બનાવે છે ત્યાં બીજી બાજુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રિયતા એકતાનો વિકાસ કરે છે.

કોઠારી આયોગને અનુસાર "ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડાય છે." આ તથ્ય શિક્ષકની ભૂમિકા પ્રકાશ પાડે છે. રાષ્ટ્ર અને સમાજનાં નિર્માણમાં શિક્ષકની ભૂમિકા.

- **શિક્ષકની ભૂમિકા :-**

બાળકની આંતરિક શકિતનો વિકાસ પ્રસિધ્ધ શિક્ષણશાસ્ત્ર કોબેલના મતે "શિક્ષણ એક એવી પ્રક્રિયા છે કે બાળકના આંતરિક ગુણ અને શકિતઓને પ્રકાશિત કરે છે." એક કુશળ શિક્ષક જ બાળકના આંતરિક ગુણોને ઓળખી તેનો વિકાસ કરી શકે છે. શિક્ષક વગર આ વિકાસ સમ્ભવ નથી.

- **બાળકના વ્યકિતત્વનો વિકાસ કરવો :-**

વડવર્થના અનુસાર :- "વ્યકિતત્વ વ્યકિતનો સંપૂર્ણ વ્યવહારની વ્યાપક વિશેષતાનું નામ છે." આધુનિક યુગમાં બાળકોનો કેવળ આંતરિક શકિત વિકાસ પૂરતો નથી. બાહ્ય વ્યકિતત્વનો વિકાસ પણ ખૂબ જરૂરી છે. શિક્ષણ બાળકોનો આંતરિક અને બાહ્ય વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. બાળકમાં સામાજિકતાની ભાવના જાગૃત કરવી.

મુનષ્ય એક સામાજિક પ્રાણી છે અને તેને સમાજની અનુરૂપ બનાવવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક જ વ્યકિતને સમાજના આદર્શો, મૂલ્યો અને માનવતાઓથી પરિચિત કરાવે છે. સમાજ માટે વ્યકિતનું હકક અને ફરજ શું છે ? અને તેનો સદઉપયોગ કેમ કરી શકાય ? આ બધા સવાલોના જવાબ શિક્ષક પાસેથી જ મળે

- **બાળકના મૂળભૂત વલણો પર નિયંત્રણ :-**

બાળકોમાં કેટલાક મૂળભૂત વલણો જન્મજાત હોય છે. એક શિક્ષક એ મૂળભૂત વલણોને શુધ્ધ બનાવે છે. તેમનો માર્ગ નિર્દેશન કરે છે તથા તેને નિયંત્રિત કરવાનું કાર્ય પણ કરે છે. તેનાથી બાળકના વ્યકિતત્વનો વિકાસ થાય છે. શિક્ષકનું કાર્ય છે કે તે બાળકના મૂળભૂત વલણમાં સુધારો કરીને સમાજ તથા રાષ્ટ્રની સેવામાં પ્રેરિત કરે અને ભાવી જીવન માટે તૈયાર કરે. શિક્ષક વિદ્યાર્થીઓને અલગ અલગ વિષયો અને વ્યવસાયોનું શિક્ષણ આપે છે. તે પોતાના વિદ્યાર્થીઓને તે યોગ્ય બનાવે છે કે શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી પરિવાર, સમાજ તથા દેશના માટે પોતાના કર્તવ્યોનું પાલન સારી રીતે કરી શકે. દેશનો યુવાન આત્મનિર્ભર હશે તો રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિમાં સદાય સહાયક થશે.

બાળકમાં ચારિત્ર-નિર્માણ તથા નૈતિક વિકાસ કરવો.

શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે કે બાળકોનું ચારિત્ર નિર્માણ અને તેનો નૈતિક વિકાસ કરવો, સારા શિક્ષણથી જ બાળક સત્યમ, શિવમ, સુંદરમ્ નો સાક્ષત્કાર કરે છે અને તેને આચરણમાં લાવવાનો પ્રયાસ કરે છે. ગાંધીજીનું કથન છે : "જો શિક્ષકને પોતાના નામને સાર્થક બનાવવાનું છે તો તેમનું મુખ્ય કાર્ય નૈતિક શિક્ષણ આપવાનું હોવુ જોઇએ.

❖ **બાળકમાં આદર્શ નાગરિકના ગુણોનો વિકાસ કરવો:-**

શિક્ષકનું પરમ કર્તવ્ય છે કે તે પોતાના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં આદર્શ નાગરિકના ગુણોનો વિકાસ કરે જેથી વિદ્યાર્થી પોતાના કર્તવ્ય અને અધિકારો સારી રીતે

સમજી શકે જીવનમાં ઉપયોગ કરી શકે. આદર્શ નાગરિક જ આદર્શ રાષ્ટ્રના નિમાર્ણમાં મૂખ્ય ભૂમિકા નિભાવી શકે છે. રાષ્ટ્રિય ભાવનાનો પ્રસાર કરવો.

એક શિક્ષક જ પોતાના શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય એકતા અને દેશ ભકિતનો પ્રચાર કરે છે. કોઇ રાષ્ટ્રનું સ્વતંત્ર અસ્તિત્વ તેમના આદર્શ નાગરિકો પર આધારીત છે. તેના સહયોગથી જ રાષ્ટ્રની ઉન્નતિ અને સશકિત વધે છે. દરેક સારા નાગરિક રાષ્ટ્ર નિર્માણમાં સહાયક બને છે અને શિક્ષક પોતાના અથાગ પુરુષાર્થથી અબોધ બાળકોને એક સારા નાગરિકો બનાવીને રાષ્ટ્ર નિર્માણની જવાબદારી નિભાવે છે.

❖ **બાળકોને ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્ર ગૌરવથી પરિચિત કરવા:-**

એક સારો શિક્ષક પોતાની સંસ્કૃતિ અને રાષ્ટ્ર-ગૌરવનો વિદ્યાર્થીને પરિચય આપે છે. શિક્ષક પોતાના મન, વચન, વ્યવહારથી એક આદર્શ પ્રસ્તુત કરીને બધા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભકિત ઉત્પન્ન કરે છે. આવા શિક્ષકોથી વિદ્યાર્થીઓને નવી દિશા મળે છે અને તે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનો સહયોગ આપે છે.

❖ **યોગ્ય (દિશા) માર્ગ ચિંધવો:-**

જીવનમાં આગળ વધવા માટે યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત ઉભી થાય છે. આવા માર્ગદર્શનો ઘણા પ્રકારના હોય છે. વ્યકિતગત માર્ગદર્શન, શૈક્ષણિક માર્ગદર્શન, વ્યવસાયિક માર્ગદર્શન, વ્યકિતગત માર્ગદર્શન દ્વારા વ્યક્તિની રૂચિ: યોગ્યતા અને ક્ષમતાને ઓળખીને તેના અનુરૂપ તેને વ્યવસાય પસંદગીનું માર્ગદર્શન આપવાનું રહે. એ શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને સારુ માર્ગદર્શન આપીને દેશનો સફળ નાગરીક બનવામાં મદદરૂપ થાય છે. ઉદેશ્ય પૂર્ણ શિક્ષણ દ્વારા સુંદર સભ્ય સમાજનું નિમાર્ણ એક કુશળ શિક્ષક જ દરેક વિદ્યાર્થી બધા વિષયોનું સર્વતમ શિક્ષણ આપીને તેને એક સારો ડોકટર, ઇન્જીનીયર, ન્યાયધીશ અધિકારી બનાવવાની સાથે સાથે એક સારો માણસ પણ બનાવે છે.

સામાજિક જ્ઞાનના અભાવમાં જયાં એક બાજુ વિદ્યાર્થી સમાજને યોગ્ય દિશા આપવામાં અસમર્થ રહે છે ત્યાં બીજી બાજુ અધ્યાત્મિક જ્ઞાનના અભાવમાં તે ખોટા નિર્ણય લઇને પોતાની સાથે પોતાના પરિવાર, સમાજ દેશ તથા વિશ્વને પણ વિનાશ તરફ લઇ જાય છે. એટલા માટે શિક્ષકનું કર્તવ્ય છે કે શરૂઆતથી જ વિદ્યાર્થીના પાપો મજબૂત કરીને સુંદર સભ્ય સમાજના નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે.

❖ **ઉપસંહાર :-**

આમ શિક્ષક એક સુસભ્ય અને શાંતિપૂર્ણ રાષ્ટ્ર અને વિશ્વના નિર્માતા છે. એક શિક્ષકે પોતાના બધા વિદ્યાર્થીઓને એક સુંદર અને સુરક્ષિત ભવિષ્ય આપવા માટે તથા આખા વિશ્વમાં શાંતિ અને એકતાની સ્થાપના માટે તેમના કોમળ મન-મસ્તિષ્કમાં ભારતીય સંસ્કૃતિ અને સમ્યતાના રૂપમાં 'વસુધૈવ કુટુંમ્બકમ" વૈચારિક બીજ રોપવા જોઇએ. જો શિક્ષક-વાલી અને સિસ્ટમ પોતપોતાની યોગ્ય જવાબદારીથી બાળ માનસને સમજે અને બાળકને મશીન નહી પણ મનુષ્ય સમજે તો ભારત દેશમાં ઋષિઓ તજનો, વિદ્વાનો, નિર્માણ થશે જો બાળકની પરિસ્થિતિ સમસ્યા સમજયા વગર શિક્ષણ અને ગ્રેડ. ટકાવારીન બીજ નાખતા રહેશુ તો એક દિવસ કેળવણી નહી પણ માત્ર શિક્ષણ જ રહેશે. બાળકો ક્યાંકને કર્યાક અત્યારે પણ બીજ અનુભવે છે અને આત્મ હત્યાઓ કરે છે. જેની પાછળ ઘણા કારણો છે પણ એક ભણતર પણ કારણ ઘણી વખત સામે આવે છે. શિક્ષક અને બાળક પાસે સમાજ અને સમાજના લોકો હંમેશા અપેક્ષાઓ આધુનિક બનતી જાય છે. જે ન તો શિક્ષક પૂરવાર કરી શકે છે કે ન તો બાળક તેને પૂરવાર કરી શકે છે.

:- સંદર્ભ

(1)educationandnet.blogstop. com/2018/09/blog-post.html

(2) https://www.yuvasaati.com

(3)બી.વી.શાહ,શિક્ષણનુ સમાજશાસ્ત્ર ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ.

Certificate No.:010212202328

multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (on-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Hemalbhai U. pandya**

In recognition of the publication of the paper entitled

સમાજના નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અને જવાબદારી

Published in Volume 01, Issue 02, December 2023.

EDITOR IN CHIEF